# પ્રેસ નોટ

## સુરેન્દ્રનગર લખતરના યુવક સાથે પૈસા પડાવવાના હેતુથી લગ્ન કરી ભાગી જનાર આરોપણબેનને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરેન્દ્રનગર લખતરમાં રહેતા અને વાળંદનુ કામ કરતા ભાવેશભાઇ ભીખાભાઇ લખતરીયા ના લગ્ન ન થતા તેઓ દલાલોના સંપર્કમાં આવ્યા હતા અને દલાલો દ્વારા એક યુવતી નામે પીંકી તેઓને બતાવવામાં આવેલ હતી અને આ લગ્ન કરાવવા માટે સુરેન્દ્રનગરના કરમશીભાઇ @ વેરશીભાઇ શાર્દુલભાઇ રબારી,અબ્દુલખાન નગરખાન પઠાણ,ભરતભાઇ પ્રહલાદભાઇ ચુનારા અને નડીયાદના સરોજબેન બાબુભાઇ મોચીએ ભાવેશભાઇ પાસે રૂ.૧.૭૦ લાખની માંગણી કરી હતી પરતું અંતે રૂપિયા ૧.૬૦ લાખમાં પતાવટ કરી નાણા આપવામાં આવેલ હતા અને તા.૩ જાન્યુઆરીએ સુરેન્દ્રનગર કલેકટર કચેરી કમ્પાઉન્ડમાં બેઠક કરી સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરી ભાવેશભાઇ પત્નિ પીંકીબેનને લઇ લખતર ગયા હતા.જયાં પીંકીબેન તેમની માતા બીમાર હોવાનુ કહી તા.૭ જાન્યુઆરીના રોજ અમદાવાદ ગયેલા અને પાછા આવેલા નહી અને ભાવેશભાઇને પોતાની સાથે છેતરપીંડી થયેલ હોવાનુ જણાતા સુરેન્દ્રનગર એ ડીવીઝન ખાતે ફરીયાદ આપતા ફ.ગુ.ર.નં.૫૬/૨૦૧૯ ઇપીકો કલમ ૪૦૬.૪૨૦ મુજબનો ગુનો દાખલ થયેલ.અને આ કામે  કરમશીભાઇ, અબ્દુલખાન, ભરતભાઇ અને સરોજબેનની ધરપકડ કરવામાં આવેલ અને તપાસ દરમ્યાન પીંકીબેન પણ આરોપી હોવાનુ જણાયેલ અને તે આ ગુનામાં પકડાયેલ નહીં હોવાનુ જાણવા મળેલ અને પો.ઇ.શ્રી આર.એસ.સુવેરા નાઓની ટીમના પો.સ.ઇ.શ્રી કે.કે.ડીંડોડ નાઓ સ્ટાફના માણસો સાથે તા.૨૨/૭/૨૦૧૯ ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હે.કો.ભરતકુમાર શીવરામભાઇ અને પો.કો.પ્રદીપસિંહ હઠીસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે ઉપરોકત ગુનાના વોન્ટેડ આરોપણબેન રશ્મીકા D/O રમતુસિંહ ઉદેસિંહ ચૌહાણ @ પિન્કીબેન હસમુખભાઇ પટેલ ઉવ.૨૬ રહે.મકાન નં.સી-૧૦૨ દેવમાણેક એપાર્ટમેન્ટ સ્મશાન ગૃહની બાજુમાં કેનાલ ઉપર વટવા અમદાવાદ શહેર મુળગામ: વાસણા તા.હિમંતનગર જી.સાબરકાંઠા નાની તેના ઘરે હોવાની મળેલ બાતમી હકીકત આધારે પકડી સુરેન્દ્રનગર એ ડિવીઝન પો.સ્ટે સોંપેલ છે.અનેઆરોપણબેનની પુછપરછ દરમ્યાન આરોપી ભરતભાઇના કહેવાથી પૈસાની લાલચે આ ભાવેશભાઇ સાથે લગ્ન કરી આ ગુનો કરેલ હોવાનુ જણાવેલ છે.



**<u>ચોકીદારને હથિયારની અણીએ બાનમાં લઈ નવા બનતા ફ્લેટના ગોડાઉનમાં ધાડ કરનાર ટોળકી પૈકીના એક ઈસમને ગણત્રીના કલાકોમાં રૂ. ૧૪,૨૦,૮૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં આવેલ વૃદાવન પર્લ-૨ નામની નવા બની રહેલ ફ્લેટની સ્કીમના ગોડાઉન ઉપર ગઇ તા.૨૧/૦૭/૨૦૧૯ ના રાત્રીના ત્રણેક વાગ્યાના અરસામાં સાત અજાણ્યા ઈસમો જેમાં છ જણાએ મોઢે રુમાલ બાંધેલ તથા એક ઈસમ ખુલ્લા મોઢે એક પીકપ ડાલા જેવા વાહનમાં આવી સદર જગ્યાએ હાજર વોચમેનને ચાકુ દેખાડી તેમજ ધાબળો ઓઢાડી દઈ ગોડાઉન(ઓફીસ) નુ તાળુ તોડી તેમા પડેલ જગુઆર કંપનીના નાના-મોટા નળ ૮૦ થી ૧૦૦ બોક્ષ જેની કી.રૂ.૧૦,૬૨,૮૪૬/- ના સામાનની લુંટ કરી પીકઅપ ડાલામા ભરી લઈ જતા જે બનાવ અન્વયે ચાંદખેડા પો.સ્ટે.ફર્સ્ટ ગુરનં-૧૬૪/૨૦૧૯ ઈપીકો કલમ-૩૯૫,૪૫૨,૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુન્હો દાખલ થવા પામેલ. અને આ પ્રકારના ધાડ જેવા ગંભીર ગુનાનો ભેદ શોધી કાઢવા સારું અને ગુનામાં સંડોવાયેલા અજાણ્યા આરોપીઓને પકડી પાડવા સારુ ક્રાઇમબ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.આર.મોથલીયા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ, મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ ક્રાઇમ બ્રાન્ચ નાઓની સીધી આગેવાની હેઠળ ગુન્હાની ગંભીરતા જોતાં આ ગુનાવાળી જગ્યાની, ક્રાઈમબ્રાન્ચના અધિકારીશ્રીઓ તથા સ્ટાફના માણસો દ્વારા તાત્કાલીક વિઝીટ કરવામાં આવેલી અને ગુન્હાવાળી જગ્યાની આજુબાજુના સી.સી.ટી.વી. ફુટેજ મેળવવામાં આવેલ અને જે આધારે આ ગુનામાં આરોપીઓની સંડોવણી બાબતે ઝીણામાં ઝીણી વિગતો એકત્ર કરવામાં આવેલ.

આ દરમ્યાન પો.ઈન્સ.શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઈ.શ્રી એ.પી.ચૌધરી તથા પો.સ.ઈ.શ્રી વી.એચ.જાડેજા તથા પો.સ.ઇ.શ્રી એસ.પી.ગોહિલ તથા ટેકનીકલ પો.સ.ઇ.શ્રી એમ.ડી.મકવાણા નાઓએ તેઓની ટીમના માણસોને સાથે રાખી ઝીણવટભરી રીતે તપાસ હાથ ધરેલ અને ચોક્કસ બાતમી હકિકત મેળવેલ જે આધારે ચાંણક્યપુરી મેદાન ખાતેથી **<u>લક્ષ્મણ અમરચંદ કુમાવત ઉવ.૨૮ રહે : ઘર નં.૨ સેક્ટર-૬ ના મેદાનમાં વિનુભાઇ દેસાઇના મકાનમાં ગંગોત્રી મંદીરની પાસે ચાણક્યપુરી સોલા અમદાવાદ શહેર મુળ વતન ગામ-પાટીયુ કા ખેડા તા.રાયપુર જી.ભીલવાડા રાજસ્થાન</u>** નાને તેના કબ્જાની ઈસુઝુ પીકપવાન નં-જીજે-૦૧એચ.ટી-૨૧૫૯ માં ઉપરોક્ત ધાડમાં મેળવેલ મુદ્દામાલ જગુઆર કંપનીના નળ (સ્પાઉટ બ્રાસ કોમ) નંગ-૧૧૦ તથા સાવર ડંડી મોટી નંગ-૨૪ તથા સાવર ડંડી નાની નંગ-૪૭ તથા બેઝીન કોક લોંગ નંગ-૨૩ તથા બેઝીન કોક શોર્ટ નંગ-૫૦

તથા સીંક કોક લોંગ નંગ-૨૩ તથા સીંક કોક શોર્ટ નંગ-૨૩ તથા ઝેટ સ્પ્રે પાઇપ નંગ-૪૬ તથા હેન્ડ પુશર નંગ-૪૫ ત્થા આડા નળ (બીપકોક) નંગ-૪૫ તથા એંગલ કોક નંગ-૨૦૧ તથા બીપ કોક (વોશીંગના) નંગ-૨૩ તથા સદરીના કબ્જાની ઇસુઝુ કંપનીની લોડીંગ વાહન નંબર જીજે-૦૧-એચ.ટી.-૨૧૫૯ નુ મળી કુલ્લે રૂ. ૧૪,૨૦,૮૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીને સી.આર.પી.સી કલમ-૪૧(૧)ડી મુજબ ગઈ કાલ તા-૨૨/૭/૧૯ ના રોજ અટક કરવામાં આવેલ.

સદર પકડાયેલ **લક્ષ્મણ અમરચંદ કુમાવતની** ગુન્હા સબંધે પુછપરછ કરતા ગઇ તા.૨૧/૦૭/૨૦૧૯ ના રોજ પોતાના મિત્ર વિનોદ કુમાવત જે ગામ-જાટા કા નિબેડા જી.ભીલવાડા રાજસ્થાન નો છે તેની સાથે મળી પોતે પોતાનુ ઈસુઝુ પીકઅપ વાહન લઈ જઈ અને તેના મિત્ર વિનોદ કુમાવતે તેની સાથે બીજા બે માણસો તથા એક ઇકો કાર લઈ આવેલા જે તમામ ચાંદખેડા વિસ્તારમાં એક નવા ફ્લેટ બનતા હોય ત્યાં ગયેલા અને સાથેના વિનોદ કુમાવતની સાથેના બન્ને માણસોએ ત્યા શટરના તાળા તોડી નાખેલ અને બધાએ પોતાના મોઢા ઉપર રૂમાલ બાંધી અંદર ગયેલા જે દરમ્યાન ત્યાનો વોચમેન જાગી જતા વોચમેનને વિનોદ કુમાવતે તેની પાસેનુ એક ચપ્પુ બતાડી નીચે બેસાડી દઇ મારી નાખવાની ધમકી આપી તેમજ એક માણસે વોચમેનને ધાબળો ઓઢાડી દઇ બાદ તમામ માણસોએ ગોડાઉન માંથી પ્લમ્બીંગનો સામાન ઉપાડી પોતાની ઈસુઝુ લોડીંગમા ભરી લઈ ત્યાથી નિકળી ગયેલ અને ત્યાંથી પોતે પોતાના ઘરે આવી ગયેલ અને વિનોદ કુમાવત તેની સાથેના માણસોને ઈકોમાં બેસાડી અલગ-અલગ નિકળી ગયેલ હોવાની કબુલાત આરોપીએ કરેલ છે.

આ કામે પકડાયેલ આરોપીએ આ કામના અન્ય આરોપીઓ સાથે મળી આ પ્રકારની બીજી કોઈ ધાડ કે લુંટ કરેલ છે કે કેમ? તેમજ અમદાવાદ શહેરમાં અગાઉ બનેલ આ પ્રકારના અનડીટેકટ મિલ્કત સબંધી ગુન્હાઓમાં આરોપીઓની સંડોવણીની શક્યતા આધારીત વધુ આગળની પુછપરછ પો.ઈ.શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઈન્સ.શ્રી એ.પી.ચૌધરી નાઓ કરી રહેલ છે. તેમજ આરોપી તથા મુદ્દામાલ ચાંદખેડા પો.સ્ટે.ના ફર્સ્ટ ગુરનં-૧૬૪/૨૦૧૯ ઈપીકો ક્લમ-૩૯૫, ૪૫૨, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧)ના ગુન્હામાં મોકલી આપવા અંગેની આગળની તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

## આરોપીનો ગુન્હાહીત ઈતીહાસ

આરોપી લક્ષ્મણ અમરચંદ કુમાવત નાનો અગાઉ પાંચેક વર્ષ પહેલા અડાલજ પોલીસ સ્ટેશન ખાતે મર્ડરના ગુનામાં પકડાયેલ છે.



...સહિત બધું જ પૂરું થઇ ગયુ હતું



## 1 હજારની કિંમતનાં ઇએલસીબી સાધનથી દુર્ઘટનાનું જોખમ ઘટાડી શકાય છે

## વાડીએ સેકાયેલો પુત્ર બચી ગયો



---

...ા પણ

...આપું

...તે જોજો

...ને કોઈ દુઃખી ન કરે
...માનસિંહ હનુભાને
...ર કરી દીધા. મારા
...આરૂ એનર પચાવી
...સા ચૂકવી શકીએ.
...આ ડગલુ ભરીયુ.
...શોષણ છીનવાઈ
...ે હતો. પણ હું
...ને માફ કરજો.
...લાડકો દિકરો.

...ન ભરે,

...શું

...ને ગંભીર
...રવું ભોગ
...વ્યા વગર
...હી થશે.
...હેશે તેની
...દિવસોમાં
...સેશે

---

### સુરેન્દ્રનગર, નડિયાદના 4 દલાલો સામે ફરિયાદ નોંધાઈ

# લખતરના યુવકે દોઢ લાખમાં લગ્ન કર્યા, 4 દિ' બાદ લૂંટેરી દુલ્હન ફરાર

### બીમાર માતની ખબર કાઢવા ના બહાને ગઈ પાછી ન આવી

લખતરમાં રહેતા અને વાર્ણદ કામ કરતા યુવાને સુરેન્દ્રનગરમાં તા. 3 જાન્યુઆરીએ યુવતી સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. લગ્નના ચાર દિવસ બાદ માંની બીમારીનું કહી પરિણીતા પિયર ગયા બાદ પાછી ફરી ન હતી. આથી યુવકે સુરેન્દ્રનગર એ ડીવીઝન પોલીસ મથકે લગ્ન કરાવી આપનાર 4 શખ્સો સામે રૂપિયા 1.60 લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.


લખતરની સુથાર શેરીમાં રહેતા 35 વર્ષના વાર્ણદ યુવાન ભાવેશભાઈ ભીખાભાઈ લખતરીયાના લગ્ન ન થતા તેઓ દલાલોના સંપર્કમાં આવ્યા હતા. જેમાં મૂળ તારાપુરની અને હાલ અમદાવાદ રહેતી યુવતી પીંકી તેઓને બતાવાઈ હતી. આ યુવતી સાથે લગ્ન કરાવવા સુરેન્દ્રનગરના કરમશીભાઈ ઉર્ફે વેરશીભાઈ શાઈલભાઈ રબારી, અબ્દુલખાન નગરખાન મલેક, ભરતભાઈ પ્રહલાદભાઈ પુજારા અને નડીયાદના સરોજબેન બાબુભાઈ મોચીએ રૂપિયા 1.70 લાખની માંગણી કરી હતી. પરંતુ અંતે રૂપિયા 1.60 લાખમાં ભાવેશભાઈ પતાવટ કરી નાણા આપ્યા હતા. તા. 3 જાન્યુઆરીએ કલેકટર કચેરીના કમ્પાઉન્ડમાં બેઠક કરી સ્ટેમ્પ પેપર પર કરાર કરી ભાવેશભાઈ પત્ની પીંકીને લઈ લખતર ગયા હતા. જ્યાંથી માં બીમાર હોવાનું કહી તા. 7ના રોજ લખતરથી પીંકી અમદાવાદ જવા નીકળી હતી. થોડા દિવસો સુધી પીંકી ન આવતા ભાવેશભાઈએ સરોજબેનને પૂછતા તેઓએ તારાપુરનું તેનું ઘર બંધ હોવાનું કહ્યુ હતુ. બનાવને છ માસ થયા બાદ પોતે છેતરાયા હોવાની જાણ થતા મહિલા સહિત ચારેય શખ્સો સામે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા વધુ તપાસ પીએસઆઈ વાય.આર. જોશી ચલાવી રહ્યા છે.

### માસીકનું બહાનું કાઢી ચાર દિવસ દૂર રહી



લખતરના યુવાનના લગ્ન થયા બાદ માસીકનું બહાનુ કાઢી બે દિવસ પતિને દૂર રાખ્યો હતો. ત્યારબાદ બે દિવસ માં બીમાર હોવાથી ઘરે જવાની વાત કરી ચોથા દિવસે યુવતી પીંકી લખતરથી અમદાવાદ જવા નીકળી હતી.

### તમે ગમો છો, હવે આપણે પતિ-પત્ની બનીશું



કલેકટર કચેરીના કમ્પાઉન્ડમાં ભાવેશભાઈને પીંકી બતાવ્યા બાદ બન્નેએ એકાંતમાં વાત કરી હતી. જેમાં પીંકીએ કહેલ કે, તમે મને ગમો છો. આપણે પતિ-પત્ની બનીશું. ત્યારબાદ સ્ટેમ્પ પેપર પર કરાર કરાયા હતા.